# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તાઃ ૧૦/૧૨/૨૦૨૧

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ટ્રસ્ટ અને હાઉસિંગ સોસાયટીના કેસમાં એકઝમ્પ્શન સર્ટિફિકેટ હશે તો જ બેંકમાં સેવીંગ ખાતું ખૂલશે

### નોન ઇન્ડીવિઝયુલ કેસમાં ખાતેદારના દસ્તાવેજોમાં સુધારો હોય તો કેવાયસી અપડેશન વખતે બેંકની પોલિસી અને ગાઇડલાઇન મુજબ સમગ્ર પ્રક્રિયા ફરીથી કરવાની હોય છે

## કેવાયસી માટે આધારકાર્ડ ફરજિયાત નથી પણ સરકારની સ્કીમોનો લાભ લેવા માગતા ખાતેદારો પાસેથી ફરજિયાતપણે આધારકાર્ડ લેવાનું હોય છે

### ચેમ્બર દ્વારા સહકારી બેંકો તથા નાણાંકીય સંસ્થાઓના મેનેજરો અને કર્મચારીઓને કેવાયસીની ગાઇડલાઇન તથા મહત્વની પ્રક્રિયાઓ વિશે માર્ગદર્શન અપાયું

**સુરત.** રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાના કોમ્પ્લાયન્સના ભાગરૂપે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા દક્ષિણ ગુજરાતની સહકારી બેંકો તથા નાણાંકીય સંસ્થાઓને આરબીઆઇની કેવાયસીની ગાઇડલાઇન તથા અન્ય મહત્વની પ્રક્રિયાઓ વિશે માર્ગદર્શન મળી રહે તે હેતુથી શુક્રવાર, તા. ૧૦ ડિસેમ્બર, ૨૦૨૧ના રોજ બપોરે ૩:૦૦ થી સાંજે ૬:૦૦ વાગ્યા દરમ્યાન સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નિષ્ણાત વકતા તરીકે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ગોપાલ ધકાણ દ્વારા સહકારી બેંકો તથા નાણાંકીય સંસ્થાઓના મેનેજરો અને કર્મચારીઓને મહત્વનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

સીએ ગોપાલ ધકાણે જણાવ્યું હતું કે, કેવાયસીની ગાઇડલાઇન પ્રમાણે બેંકો દ્વારા ખાતેદારો પાસેથી ડ્રાઇવીંગ લાયસન્સ, પાસપોર્ટ, વોટીંગ કાર્ડ, આધારકાર્ડ અને નરેગા કાર્ડ ફરજિયાતપણે લેવાના હોય છે. પરંતુ ખાતેદાર દ્વારા રજૂ કરવામાં આવેલા ઓળખ માટેના આ પાંચ પુરાવામાં તેનું હાલનું અપડેટેડ સરનામું નહી હોય તો એવા કેસમાં એની પાસેથી આધારકાર્ડ અને સેલ્ફ ડેકલેરેશન લઇને તેને માન્ય ગણવામાં આવે છે. આધારકાર્ડ ફરજિયાત નથી પણ સરકારની સ્કીમોનો લાભ લેવા માગતા ખાતેદારો પાસેથી ફરજિયાતપણે આધારકાર્ડ લેવાનું હોય છે.

હાયર રિસ્ક ખાતેદારનું દર બે વર્ષે, મિડિયમ રિસ્ક ખાતેદારનું દર આઠ વર્ષે અને લો રિસ્ક ખાતેદારનું દર દસ વર્ષે કેવાયસી અપડેટ કરવાની હોય છે. ખાતેદારના નામ, સરનામા તથા દસ્તાવેજોમાં કોઇ બદલાવ નહીં હોય તો સામાન્ય સેલ્ફ ડેકલેરેશન લઇને કેવાયસી માન્ય રાખવાની હોય છે. જો કે, વ્યકિતગત ખાતામાં જો માત્ર સરનામું બદલાયું હોય તો બેંક દ્વારા પોઝીટીવ કન્ફર્મેશન મેળવવાનું રહે છે. જ્યારે નોન ઇન્ડીવિઝયુલ કેસમાં ખાતેદારના દસ્તાવેજોમાં સુધારો હોય તો કેવાયસી અપડેશન વખતે બેંકની પોલિસી પ્રમાણે અને ગાઇડલાઇન મુજબ સમગ્ર પ્રક્રિયા ફરીથી કરવાની હોય છે.

ભાગીદારી પેઢી તેમજ ટ્રસ્ટના ખાતા ખોલતી વખતે તેઓનું રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ લેવાનું જરૂરી હોય છે. નહી તો એનું ખાતું એસોસીએશન ઓફ પર્સન (AOP)માં ખૂલે છે. ટ્રસ્ટ અને હાઉસિંગ સોસાયટીના કેસમાં જો એકઝમ્પ્શન સર્ટિફિકેટ હશે તો જ સેવીંગ ખાતું ખૂલશે.

એક મહિનાની અંદર રૂપિયા ૧૦ લાખથી વધુનું રોકડમાં ટ્રાન્ઝેકશન થાય તો સંબંધિત બેંક દ્વારા તેનો કેશ ટ્રાન્ઝેકશન રિપોર્ટ (CTR) નાણાં મંત્રાલય હેઠળ આવતા ફાયનાન્શીયલ ઇન્ટેલીજન્ટ યુનિટ (FIU)ને કરવાનો હોય છે. એક મહિનાની અંદર રૂપિયા ૧૦ લાખથી વધુનું ટ્રાન્ઝેકશન રોકડ સિવાય એનઇએફટી/આરટીજીએસ, ચેક તથા ટ્રાન્સફરના રૂપમાં થયું હોય તો તે અંગે નોન પ્રોફીટ ઓર્ગેનાઇઝેશન ટ્રાન્ઝેકશન રિપોર્ટ (NTR) ફાયનાન્શીયલ ઇન્ટેલીજન્ટ યુનિટ (FIU)ને કરવાનો હોય છે.

કોઇ ખાતેદારનું ટ્રાન્ઝેકશન શંકાસ્પદ જણાય તો એવા કેસમાં બેંક દ્વારા સસ્પીશિયસ ટ્રાન્ઝેકશન રિપોર્ટ (STR) ફાયનાન્શીયલ ઇન્ટેલીજન્ટ યુનિટ (FIU)ને કરવાનો હોય છે. તદુપરાંત બેંકો દ્વારા ભરણામાં આવતી બોગસ ચલણી નોટો અંગે કાઉન્ટરફિટ કરન્સી રિપોર્ટ (CCR) પણ કરવાનો હોય છે.

નાણાંકીય વર્ષ ૨૦૧૯–૨૦માં બેંકો દ્વારા ફાયનાન્શીયલ ઇન્ટેલીજન્ટ યુનિટ (FIU)ને ૫.૪૭ લાખ સસ્પીશિયસ ટ્રાન્ઝેકશન રિપોર્ટ, ૧.૫૫ કરોડ કેશ ટ્રાન્ઝેકશન રિપોર્ટ, ૯.૪૦ કરોડ નોન પ્રોફીટ ઓર્ગેનાઇઝેશન ટ્રાન્ઝેકશન રિપોર્ટ (NTR) અને ૨.૬૨ લાખ કાઉન્ટરફિટ કરન્સી રિપોર્ટ (CCR) રજૂ કરવામાં આવ્યા હતા.

ચેમ્બરના માનદ્ ખજાનચી પરેશ લાઠીયાએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. ચેમ્બરની બેન્કીગ (કો–ઓપરેટીવ સેકટર્સ) કમિટીના ચેરપર્સન ડો. જયના ભકતાએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. જ્યારે બેન્કીગ (નેશનલાઇઝ–પ્રાઇવેટ) કમિટીના ચેરમેન સીએ વિપુલ શાહે પ્રાસંગિક વિધી કરી હતી. કાર્યક્રમમાં ભાગ લેનારા દક્ષિણ ગુજરાતની સહકારી બેંકો તથા નાણાંકીય સંસ્થાઓના મેનેજરો તથા કર્મચારીઓને સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યા હતા.